# -: ઈબરત :-

**" વક્ત હૈ દુશ્વાર, ઝરા સંભલ કે ચલ,**
**સબ્ર કર, ખુદા કા શુક્ર કર હર પલ "**

હાલનો વક્ત ગિરાનીનો છે, નાઝુક છે. મુમેનીનને આ વક્તમાં પોતાની આમદ-રફ્ત (આવક-જાવક) નું મીઝાન બરાબર સંભાલવાનું છે. કારખાનાઓમાં કામકાજ નહીં હોવાના સબબ ઘણી જગાએથી કારીગરોને રૂખસત અપાઇ ગયેલી છે. બાઝ કારખાનાઓમાં તાલાં વાગી ગયા છે જે ઘણી અફસોસ અને રંજની બિના છે. વહેપાર-રોઝગાર અને આમદમાં કશીદગી અને ગિરાની હોવાના સબબ મુમેનીન તંગદસ્તીનો સામનો કરી રહ્યા છે. ખર્ચાઓ અને ઈખ્રાજાત વધી રહ્યા છે. ઝરૂરી અસબાબ અને ઘરનાં સામાન, જમણ, અનાજ, સ્કૂલી ખર્ચાઓનાં આંકડાઓ આસમાને પહોંચી ગયા છે. એક તરફ આમદ કમ છે, બાંધેલી છે અને બીજી તરફ ખર્ચા-ઈખ્રાજાતની ફેહરીસ્ત લંબી થાતી જાય છે. દૈનદારોને ત્યાં લૈનદારોના તકાઝા વધી ગયા છે. એક વક્તમાં બેંકમાંથી આસાનીથી લીધેલી લોન ભરપાઇ થઇ સકતી નથી. જે વક્ત લોનની રકમ હાસિલ કીધેલી તે વક્ત એમ હતું કે વહેપાર ચાલે છે, આમદો-રફત, માલ-ઉઘરાણીની આવ જા થયા કરે છે આ સાથે સાથે બેંકોનાં હફતા પણ ભરપાઇ થઇ જાશે, પણ એ ફક્ત બદગુમાની અને ખુશફેહમી હતી. તમામ ગિન્તીઓ ઉલ્ટી થઇ ગઇ છે, આવક બંધ થઇ, ખર્ચાઓ વધી ગયા અને સાથે સાથે બેંકનાં હફતાઓ ન ભરવાના સબબ વ્યાજ પર વ્યાજ-આફત પર આફત ! જે વ્યાજની લૈન-દૈનને વાસ્તે કુરઆનો શરીઅતમા સખ્ત મનાઇ આવેલી છે, મુમેનીન જાણા-અંજાણામાં, દેખા-દેખીમાં, ભૂલ-ભૂલામણીમાં ન નિકલી શકાય એવા દલદલમાં ફસાઇ ગયા છે. બાઝ મુમીન ઘણા માયુસ અને ગમગીન થઇ ગયા છે. શું કરે ? કયાં જાય ? ફજેરે અલગ ફિકર હોય અને રાતે બિસ્તર પર જાતા અલગ જ બોઝ અને ટેન્શન ! સંસ્થામાંથી લીધેલી લોનની રકમ......મોટા-મોટા તો ભરતાં નથી...... અપને શું કામ ભરીએ...... જો વક્ત આવશે તો જોઇ લેવાશે. આખરે શું કરી લેવાના છે ? ઝબ્તી તો નહીં જ લાવે ને ! અપની જ સંસ્થા છે ને. આ તમામ હિમાકત છે, બેવકુફી અને ખામ ખયાલી છે. દુનિયાની કોઇ પણ માલી સંસ્થા હોય તેના સરબરાહો અને ઓહદેદારો બદલાયા જ કરતા હોય છે અને હરેક સંસ્થા હુકુમત તરફથી મુસ્તનદ તેની ઉપલી સંસ્થાની જવાબદેહ અને ઝિમ્મેદાર હોય છે. લૈનદારી કીધી હોય તો કોઇ પણ વક્ત દૈન અદા તો કરવું જ પડે. ખૈર જે થયું તે ખૂબ ખોટું થયું છે, હવે ન થાવું જોઇએ અને ન કરવું જોઇએ એ બંન્ને તરફથી બધાને સબક મિલી ગયો છે અને અંજામે બદથી વાકિફ પણ થઇ ગયા છે.

આ હાલાતમાં સબ્ર જ એક ચારએ કાર છે. શિકવા, શિકાયત, ફરિયાદ અને વાવૈલા કરવાથી મત્લબ હાસિલ નહીં થાય. જે મિલ્કીય્યત હાથમાં હોય તેને વહેંચી દૈનો-કર્ઝના બોઝથી હલકાં થઇ જાવું જ અકલમન્દી અને વક્તનો તકાઝો છે. નાની-મુખ્તસર રકમ હોય તો તેને કોઇ એહલો-અકરૂબાથી ઈમદાદનાં તરીકા પર લઇ શકાય, પણ લાખો રૂપિયાની વાત ! આજના ઝમાનામાં ! કોણ કોણા પર ભરોસો રાખે-હકીકતમાં દુશ્વાર બાબત છે. જે હાલત હોય તે હાલતમાં સબ્ર કરવો જ એક વાહિદ ઈલાજ અને નુસ્ખો છે. અલ્લાહતઆલા સબ્ર કરવાવાલાઓ સાથે છે. સબ્રનું હથિયાર કવી અને મઝબૂત છે. ઉતાર-ચઢાવ વહેપાર-રોઝગારમાં હોવાં તબીઇ છે. વહેપાર વધે તો અપાર છે અને ઘટે તો બીમારી છે. આગલા લોકો પણ આવી માલી સખ્તીનાં વક્તમાં સબ્ર પર લાઝિમ રહેલા છે. ઘણાં સમજુ અને ઝહીન લોકોએ આ તોફાનની મોજોનો સામનો કરીને પોતાની કિશ્તીને કિનારે લગાવી છે અને ઘણાં ડૂબી ગયાં છે.

ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ના ઝમાનમાં આપના એક અસ્હાબ કુફામાં રહેતા હતા. તાજીર-વહેપારી હતા, સાહેબે ઈઝઝતો જાહ હતા. વક્તન ફ વક્તન ઈમામ સાદિક (અ.સ.) ની હઝરતે ઈમામીયામાં પધારતાં અને નજવએ ઈમામ અને સિલએ કરીમાં મુલાકાતને દૌરાન અરઝ કરતા. ઈમામ સાદિકે આલે મોહમ્મદ (અ.સ.) આપનો હાલ દરયાફત ફરમાવતા, અને શરીઅતો મઝહબની નસીહતે ખૈર કરતા. એક વક્ત અરસએ દરાઝ અને લંબી મુદત તક આ અસ્હાબ આપની મુલાકાત વાસ્તે આવા નહીં. જે વક્ત આવા તો ઈમામ આલી મકામે આપના હાલાત પૂછા તો તફસીલ સાથે અસ્હાબે બયાન ફરમાવા અને કહ્યું કે દુનિયાએ મારેથી મોં ફેરવી લીધું છે, મારો કારોબાર તબાહો બરબાદ થઇ ગયો છે, તમામ દૌલત અને મિલ્કીય્યતથી હાથ ધોઇ બેસો છું, હું કરઝદાર-દેવાદાર થઇ ગયો છું અને તમામ પરેશાની અને દિક્કતોને બાવજુદ લૈનદારોનો તકાઝો વધી ગયો છે અને એથી ઝિયાદહ આપની મુલાકાત કરવા વાસ્તે મારા હાથમાં કોઇ માલો-મતાઅ અને નકદ ન્હોતા, મારા દોસ્તે આ સફરનો ખર્ચ બરદાશ્ત કીધો અને આપની મુલાકાત મુમ્કિન થઇ. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) નાં ચશ્મે મુબારકમાં આંસુ આવી ગયા અને આપે નરમી અને ઈન્કેસારીથી તસલ્લી બખ્શ જવાબ આપતા ફરમાવું કે, "તમે સબ્ર ઈખ્તેયાર કરો, ફરિયાદો શિકાયત ન કરો, વલ્લાહ આ ઘાટી અને તંગી દૂર થાશે અને એ સબબ અલ્લાહતઆલા તમને એટલો મોટો અજર અતા કરશે, કે બીજા લોકો તમારા હાલ પર હસદ કરશે. આજે લોકો તમારા હાલ પર રહમ કરે છે પણ જો તમે સબ્રો તહમ્મુલ પર લાઝિમ રહેશો તો કાલે આજ લોકો કહેશે કે, કાશ આ શખ્સની જગા પર અગર હમેં હોતા. અને અગર સબ્ર નહીં કરો, અલ્લાહની કઝાઓ કદર જે મુકર્રર હોય છે તે તમારે વાસ્તે હર હાલતમાં જારી રહેશે અને તમને પછી કોઇ સિલો અને બદલો પણ નહીં મિલે." આપે મઝીદ ફરમાવું કે, "કેટલો બેહતર છે તે શખ્સ કે જે અલ્લાહની કઝાઓ કદર પર સબ્ર કરે, હાલતને સાથે લડે, અને દુનિયામાં પરહેઝગારી અને દીનદારીને પોતાના હાથમાંથી જાવા ન દે." આ હિકાયત પર અલ્લાહતઆલા મુમેનીનને ગિરાની અને કશીદગીની હાલતમાં ઉલુલઅઝમના સાહબો જેમ સબ્ર કરવાની નેક તૌફીક આપે - ઈન્નલ્લાહા મઅસ સાબેરીન - આમીન... ★